**ભુજ શહેર "બી." ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ–એ ગુના રજિસ્ટર નંબર–૧૧૨૦૫૦૪૩૨૫૧૫૧૨/૨૦૨૫ તે બી.એન.એસ. કલમ–૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૩૧૮(૪), ૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨), ૩(૫) તથા આઈ. ટી. એકટની કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબના કામના :– આરોપી આશિષ પ્રકાશભાઇ સુથાર નાઓની જામીન અરજી લગત હુકમ : –**

(૧) જામીન અરજી વંચાણે લીધી, બન્ને પક્ષકારોને સાંભળ્યા.

(૨) આરોપીપક્ષના વિ.વ.શ્રી દલીલ કરતાં જણાવેલછે કે, પોલીસે તેઓની ખોટી રીતે સંડોવીને અટક કરેલ છે, આરોપીએ કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી, અરજદાર/આરોપી સ્થાનીક હકુમતમાં રહે છે અને નાસીભાગી જાય તેમ નથી, અરજદાર/આરોપી બહોળું કુંટુંબ ધરાવે છે અને તેમના ઉપર કુંટુંબના ભરણપોષણની જવાબદારી રહેલ છે. નામદાર અદાલત જે શરતો ફરમાવશે તેનું ચુસ્તપણે પાલન કરશું. જેથી હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૩) સદર અરજીના કામે વિ.એ.પી.પી.શ્રીએ જામીન અરજી લગત સખત વાંધા સાથે જણાવેલ છે કે,આરોપી સામે ગંભીર ગુનાના આક્ષેપો છે તેમજ સદર ગુનાની સજાની જોગવાઈ, ગુનાની ગંભીરતા જોતાં આ કામના અરજદાર આરોપી વિરુદ્ધ તથા અન્ય સહ આરોપીઓ સાથે એકસંપ થઈ પોતાનો સમાન ઈરાદો બર લાવવા સારું ગુન્હાહિત કાવતરું રચી કાવતરાના ભાગરૂપે ઓનલાઈન છેતરપિંડી આચરતા લોકો પાસેથી રૂપિયા ઓનલાઈન બેંક ખાતામાં મેળવવા "ક્રિષ્ના ટ્રેડર્સ' નામની ખોટી પેઢી ઉભી કરી જે પેઢી ખોટી હોવાનું જાણતા હોવા છતાં ઠગાઈ કરવાના હેતુથી અન્ય સહ આરોપી સાથે મળી અરજદાર આરોપી આશિષ પ્રકાશભાઇ સુથાર વાળાએ પોતાની માલીકીની મંગલમ ટ્રેડર્સ નામની ખોટી પેઢી ઉભી કરી, પેઢીના નામે ખોટા ઉધમ સર્ટી બનાવી, પેઢીના યુનીયન બેન્કમાં કરન્ટ એકાઉન્ટ ખોલાવી તે એકાઉન્ટમાં સાયબર ફ્રોડની રૂ.૨૦,૪૨,૦૪૧/– જેટલી માતબર રકમ

મેળવી, તે સાયબર ફ્રોડના રૂપિયા ખોટી ઉભી કરેલ ક્રિષ્ના ટ્રેડર્સ નામની પેઢીના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી, તેમજ અન્ય એકાઉન્ટમાંથી રૂપિયા ટ્રાન્સફર કરાવી, ઠગાઈ કરવાના હેતુથી અન્ય આરોપી સાથે મળી ફ્રોડ/છેતરપિંડીના કુલ્લે રૂા.૧,૦૫, ૧૨,૫૨,૮૨૬/- અલગ અલગ સમયે મેળવી તે રૂપિયા છેતરપિંડીના હોવાનું જાણવા છતાં મહતમ રકમ ખાતામાં ઉપાડી લઈ ગંભીર પ્રકારનો ગુનો કરવામાં મદદગારી કરેલ હોય જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) ઉપરોકત સમગ્ર હકીકત, બંને પક્ષોની રજૂઆત, ફરિયાદ હકીકત, પોલીસ પેપર્સ વિગેરે વંચાણે તથા ધ્યાને લીધા. હાલના કામના આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ-૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૩૧૮(૪), ૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨), ૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ-૬૬(સી), ૬૬(ડી) મુજબના ગંભીર ગુનાના આક્ષેપો છે. ગુનાની હકીકત ધ્યાને લેતાં અરજદાર આરોપી તથા અન્ય સહ આરોપીઓ સાથે એકસંપ થઈ પોતાનો સમાન ઈરાદો બર લાવવા સારું ગુન્હાહિત કાવતરું રચી કાવતરાના ભાગરૂપે ઓનલાઈન છેતરપિંડી આચરતા લોકો પાસેથી રૂપિયા ઓનલાઈન બેંક ખાતામાં મેળવવા "ક્રિષ્ના ટ્રેડર્સ' નામની ખોટી પેઢી ઉભી કરી જે પેઢી ખોટી હોવાનું જાણતા હોવા છતાં ઠગાઈ કરવાના હેતુથી અન્ય સહ આરોપી સાથે મળી અરજદાર આરોપી આશિષ પ્રકાશભાઈ સુથાર વાળાએ પોતાની માલીકીની મંગલમ ટ્રેડર્સ નામની ખોટી પેઢી ઉભી કરી, પેઢીના નામે ખોટા ઉધમ સર્ટી બનાવી, પેઢીના યુનીયન બેન્કમાં કરન્ટ એકાઉન્ટ ખોલાવી તે એકાઉન્ટમાં સાયબર ફ્રોડની રૂ.૨૦,૪૨,૦૪૧/- જેટલી માતબર રકમ મેળવી, તે સાયબર ફ્રોડના રૂપિયા ખોટી ઉભી કરેલ ક્રિષ્ના ટ્રેડર્સ નામની પેઢીના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી, તેમજ અન્ય એકાઉન્ટમાંથી રૂપિયા ટ્રાન્સફર કરાવી, ઠગાઈ કરવાના હેતુથી અન્ય આરોપી સાથે મળી ફ્રોડ/છેતરપિંડીના કુલ્લે રૂા.૧,૦૫, ૧૨,૫૨,૮૨૬/- અલગ અલગ સમયે મેળવી તે રૂપિયા છેતરપિંડીના હોવાનું જાણવા છતાં મહતમ રકમ ખાતામાં ઉપાડી લઈ ગંભીર પ્રકારનો ગુનો

કરવામાં મદદગારી કરેલ કરેલ છે. જે સંજોગોમાં આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય કેસ છે. ગુનાની મોડસ એપરેન્ડી ધ્યાને લેતાં ગંભીર પ્રકારનો ગુનો છે. હાલના કેસમાં સમન્વય પોર્ટલ ઉપર રજિસ્ટર થયેલ ફરિયાદની હકીકત જોતાં સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર : ૧૯૩૦ પર ભારત દેશના અલગ અલગ રાજયમાં કુલ ૪૦ ફરિયાદો રજિસ્ટર થયેલ છે. તે સંજોગોમાં આ તબકકે જામીન મુકત કરવાથી ગુનાની તપાસ તથા પુરાવાનું સંરક્ષણ જળવાશે નહિ. વધુમાં, ફ્રોડ, ઠગાઈ, છેતરપિંડી કરવાના આક્ષેપ હોય ત્યારે ગુના પુનરાર્તનની શકયતાને ધ્યાને લેતાં અપવાદરૂપ કેસ જણાય છે. આમ, સજાની જોગવાઈ તથા ગુનાની ગંભીર તથા ગુના પુનરાવર્તનની શક્યતા, પુરાવા સાથે છેડછાડ થવાની શક્યતાને ધ્યાને લેતાં તથા સમગ્ર હકીકતો ધ્યાને લેતાં હાલની જામીન અરજી મંજૂર કરવી યોગ્ય અને ન્યાયી જણાતી ન હોઈ નીચે મુજબ આખરી હુકમ કરવો ન્યાયોચિત માનું છું.

**– :: હુકમ : : –**

- આરોપીની હાલની જામીન અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૫ મી, માહે–મે, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ :– ૧૫/૦૫/૨૦૨૬
સ્થળ :– ભુજ–કચ્છ.

**(કેતનકુમાર અશોકભાઈ ડાભી)**
ત્રીજા અધિક ચીફ જયુડીશિયલ મેજિસ્ટ્રેટ
ભુજ–કચ્છ.
કોડ નંબર–૧૨૮૯

*RLH*